પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 18-11-2026 **Evening: 7.10 TO 7.20**
Day : WEDNESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દાહોદ જિલ્લાના ગરબાડાના ગામોના ત્રિ-દિવસીય પ્રવાસે.
2) જનજાતિ ગૌરવ સપ્તાહની ઉજવણીના આજના અંતિમ દિવસે આદિજાતી વિસ્તારોમાં મહિલા સભા યોજાઇ.
3) રાજ્યવ્યાપી ઓપરેશન હેલ્થ'માં શિક્ષિત વર્ગ અને સોશિયલ મીડિયા યુઝર્સને સહભાગી થવા આરોગ્યમંત્રીની અપીલ.
4) લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ઐતિહાસિક નગરી વડનગરની મુલાકાત દરમિયાન પ્રેરણા સ્કૂલના બાળકો સાથે સંવાદ સાધ્યો.
5) એનડીપીએસના કેસમાં અગાઉ ઝડપાયેલા આરોપીઓને કાયદાની કડક જોગવાઇઓની સમજણ અપાઈ.
6) અમદાવાદ ખાતે 'તૃતીય ઓલ ઇન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર-૨૦૨૬' આવતીકાલથી શરૂ થશે.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CM GARBADA VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના આદિજાતિ વિસ્તાર ગરબાડાના ગામોનો ત્રિ દિવસીય પ્રવાસે છે. મુખ્યમંત્રીએ આદિજાતિ વિસ્તારની મુલાકાત દરમિયાન સરાબલી ગામના અદના આદિજાતિ પરિવારના ઘરે નીચે બેસીને પરિવાર સાથે ભોજન લીધુ હતુ. તેમણે આ પરિવારના વડિલો અને બહેનો સાથે વાતચિત કરી હતી.

મુખ્યમંત્રીએ આ અગાઉ ગરબાડા પહોચ્યા ત્યારે સૌ પ્રથમ ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. આ વેળાએ આદિવાસી સંસ્કૃતિ અને લોકપરંપરા તથા ઉત્સવના માહોલ વચ્ચે ગ્રામજનોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આદિવાસી કલાકારોએ પરંપરાગત આદિવાસી કોટી, ભોરીયું અને તીર-કામઠું અર્પણ કરીને સત્કાર્યા હતા.

CM TRIBAL FARMERS

રાજ્યમાં આદિજાતિ ખેડૂતોને હવે ચાલુ વર્ષથી રવિ પાક માટે બિયારણ અને ખાતરની સહાય આપવામાં આવશે. જનજાતિય કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ 2026-27માં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આ યોજનાનો અમલ શરૂ થઇ ગયો છે. ચાલુ વર્ષે આદિજાતિ ખેડૂતો પાસેથી રવિ પાક માટે સહાય મેળવવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી.

આ યોજના હેઠળ 48190 ખેડૂતોને લાભ આપવામાં આવશે. આદિજાતિ ખેડૂતોને ખરીફ પાકની જેમ રવિ પાકમાં બિયારણ અને ખાતરની સહાય મળે તેવી યોજના છે. રાજ્યનાં આદિજાતિ વસ્તી ધરાવતા 14 જિલ્લાઓમાં બિયારણ અને ખાતરનાં વિતરણની શરૂઆત થઇ ગઇ છે.

STATE WOMEN'S CONFERENCE

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં જનજાતી ગૌરવ સપ્તાહની ઉજવણી થઇ રહી છે. જેમાં આજે છેલ્લા દિવસે આદિવાસી વિસ્તારોમાં આદિજાતી મહિલા સંમેલન યોજાયુ હતું.

નવસારીની વાંસદા પ્રતાપ હાઈસ્કૂલ ખાતે જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત મહિલા સભા યોજાઇ ગઈ. આ સભામાં શ્રદ્ધાબેન રાજપૂતે જણાવ્યુ કે આદિવાસી સમાજની ભાષા, સંસ્કૃતિ અને ગૌરવશાળી પરંપરાનું જતન કરવું એ સૌની જવાબદારી છે.

ડાંગના આહવા ખાતે રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, અભયમ 181, સખી વન સ્ટોપ સેન્ટર, વ્હાલી દીકરી યોજના, નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી યોજનાઓ મહિલાઓ અને દીકરીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ બની રહી છે.

(બાઇટ - મંત્રી ઈશ્વરસિંહ પટેલના)

વલસાડના ધરમપુર ખાતે ધારાસભ્ય અરવિંદ પટેલની ઉપસ્થિતિમાં તો સુરતમાં 'જનજાતિય ગૌરવ સપ્તાહ'ના અંતિમ દિને માંડવી ઓડિટોરિયમ ખાતે આદિજાતિ મહિલા સંમેલન યોજાયુ.

પંચમહાલમાં ધારાસભ્ય શૈલેષ મહેતાએ આદિજાતિ મહિલાઓને શિક્ષણ, આરોગ્ય અને સ્વાવલંબન દ્વારા વિકાસની મુખ્યધારામાં જોડાવા આહ્વાન કર્યું. જ્યારે ધારાસભ્ય સી.કે.રાઉલજીએ મહિલાઓની આર્થિક સ્વતંત્રતા અને સુરક્ષાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

તાપીના સોનગઢના ખાતે રાજ્યકક્ષાના રમતગમત અને પ્રવાસન મંત્રી ડૉ. જયરામ ગામીત મહિલા સંમેલનમાં ખાસ ઉપસ્થિત રહ્યા.

મહીસાગરના સંતરામપુર ખાતે 'યોજાયેલ 'મહિલા સંમેલન'માં બાળ સંરક્ષણ આયોગ ચેરમેન શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યુ કે ભારતની સંસ્કૃતિ, પરંપરા અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી સમાજનું યોગદાન અત્યંત ગૌરવપૂર્ણ રહ્યું છે.

OPERATION HEALTH

આરોગ્ય, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી જનજાગૃતિ અભિયાન‘ ઓપરેશન હેલ્થ’ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષિત વર્ગ અને સોશિયલ મીડિયા યુઝર્સ આ જનજાગૃતિ અભિયાનમાં સહભાગી બને તેવી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ અપીલ કરી છે.

(બાઇટ - પ્રફુલ પાનશેરિયા, આરોગ્ય મંત્રી)

ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરિય બેઠકમાં ગ્રાહકો ગેરમાર્ગે ન દોરાય તેમજ શુદ્ધ અને સ્વાસ્થયપ્રદ ખાદ્યવસ્તુઓ મળી રહે તે ઉદ્દેશ સાથે આ અભિયાનને સઘન બનાવવા સૂચનો આપવામાં આવ્યા હતા. આરોગ્ય મંત્રીએ રાજ્યના ગ્રાહકોને ચીજવસ્તુઓની ખરીદી કરતાં પહેલા તેનું લેબલ, તેના તત્વો સહિતની જાણકારી મેળવી લેવા અપીલ કરી છે.

OM BIRLA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા આજે ઐતિહાસિક નગરી વડનગર ખાતે આયોજિત વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં સહભાગી થયા હતા. આ અવસરે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી બિરલાએ વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવની મુલાકાત લીધી અને ત્યારબાદ પ્રેરણા સ્કૂલમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે વડનગરની કલા અને સંસ્કૃતિને પ્રદર્શિત કરતા 'મ્યુઝિક ઓફ મ્યુઝિક', બી.એન. હાઇસ્કૂલ ,વડનગર રેલ્વે સ્ટેશન ,આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી.

વડનગર પહોંચતા પહેલા શ્રી બિરલાએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હતી.

(BYTE – OM BIRLA)

VADNAGAR 'WORLD PEACE'

વડનગરમાં ‘વિશ્વશાંતિ મહાયજ્ઞ’ ચાલી રહ્યો છે. આ મહાયજ્ઞના આઠમા દિવસે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળીયા અને મહેસુલ, આપત્તિ વ્યવસ્થાપન,પંચાયત, રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.મંત્રીશ્રીઓએ સરાહના કરતા કહ્યું કે ધર્મ અને સંસ્કૃતિના જતન માટે આવા આયોજનો મહત્વપૂર્ણ હોય છે. તેમણે ભગવાન હાટકેશ્વરના દર્શન કરી વિધિવત પૂજા-અર્ચના કરી હતી.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

NDPS ACCUSED MEETING

નશાકારક પદાર્થોના કિસ્સામાં શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનના કેસના આરોપીઓને પોલીસે અમદાવાદના શાહિબાગ પોલીસ સ્ટેડિયમ ખાતે આ 950થી વધુ આરોપીને એકત્રિત કર્યા હતા. અમદાવાદ ક્રાઇમ બ્રાંચના જેસીપી શરદ સિંઘલે આરોપીઓને કાયદાની સમજ આપતાં કહ્યુ કે નશાકારક પદાર્થ વેચવાને કારણે આજે નવી પેઢી અવળામાર્ગે ચઢી રહી છે.

(બાઇટ – શરદ સિંઘલ, જેસીપી , અમદાવાદ ક્રાઇમ બ્રાંચ)

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ફરી વાર આવો કોઇ કિસ્સો બહાર આવ્યો તો તેની સામે કડક કાર્યવાહી કરાશે. જેસીપી શરદ સિંઘલે આરોપીઓને નશામુક્ત કરવાના અભિયાનમાં સામેલ થવા માટે અપીલ કરી હતી.

(બાઇટ- બાઇટ – શરદ સિંઘલ , જેસીપી , અમદાવાદ ક્રાઇમ બ્રાંચ)

DGP BEDMENGTON

અમદાવાદ ખાતે ‘તૃતીય ઓલ ઇન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર-2026’ આવતીકાલથી શરૂ થશે. 24મી નવેમ્બર સુધી ચાલનારી આ હરિફાઇમાં બેડમિન્ટન અને ટેબલ ટેનિસ રમતોનો સમાવેશ થાય છે. અમદાવાદના વીર સાવરકર કૉમ્પ્લેક્સ ખાતે યોજાનારી આ સ્પર્ધામાં વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય પોલીસ દળો મળી કુલ 38 ટીમો ભાગ લઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં દેશભરમાંથી 890 પુરુષ ખેલાડીઓ તેમજ 272 મહિલા ખેલાડીઓ પોતપોતાની ટીમનું પ્રતિનિધિત્વ કરશે.

રમતના મેદાનમાં હોદ્દાના ભેદભાવ વિના 463 ગેઝેટેડ ઓફિસર્સ અને 699 નોન-ગેઝેટેડ અધિકારીઓ રમતગમતની પ્રતિભાનું પ્રદર્શન કરશે. યજમાન ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, તેલંગાણા સહિતના રાજ્યો તથા ઇન્ટેલિજન્સ બ્યુરો, CRPF અને BSF જેવા કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ટીમો આ મુકાબલાઓ માટે સજ્જ બની છે.

JAMNAGAR PARITOSHIK

જામનગરના બાળસાહિત્યકાર કિરીટ ગોસ્વામીને 'ગિરા ગુર્જરી પારિતોષિક - 2025' એનાયત કરાશે. મુંબઈની સુપ્રસિદ્ધ સાહિત્યિક અને સાંસ્કૃતિક સંસ્થા ‘કલા ગુર્જરી’ દ્વારા વર્ષ 2025ના પ્રતિષ્ઠિત ‘ગિરા ગુર્જરી પારિતોષિક’ માટે તેમના લોકપ્રિય બાળગીત સંગ્રહ ‘ટમેટું મારું ફ્રેન્ડ છે!’ ની પસંદગી કરવામાં આવી છે.

21મી સદીના સ્માર્ટફોન અને ડિજિટલ યુગમાં બાળકોને મોબાઈલની સ્ક્રીનથી દૂર રાખી ફરીથી પુસ્તકો અને બાળગીતો તરફ વાળવાનું ભગીરથ કાર્ય કિરીટ ગોસ્વામી કરી રહ્યા છે.

'BIDAR DIALOGUE' IN DAMAN

દમણમાં ‘બિડર સંવાદ-2026’ કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં ઉત્પાદકો, સપ્લાયર્સ અને સેવા પ્રદાતાઓએ ભાગ લીધો હતો. સરકારી ખરીદી પ્રક્રિયા, ઈ-ટેન્ડરિંગ અને જીઈએમ પોર્ટલ તથા ટેન્ડર ભરતી વખતે થતી સામાન્ય ભૂલો અને તેના કારણે ટેકનિકલ આધાર પર ટેન્ડર રદ થવાના કારણો વિશે પણ માહિતી આપવામાં આવી હતી. સાથે જ તમામ ટેન્ડરદાતાઓને જરૂરી દસ્તાવેજો યોગ્ય રીતે રજૂ કરવા અને નિયત સમયમર્યાદામાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવા અપીલ કરાઇ હતી.

VOCATIONAL TRAINGIN IACE

‘વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર’ના માધ્યમથી રાજ્યમાં અત્યાર સુધીમાં 66 હજારથી વધુ આદિજાતિ યુવક-યુવતીઓને વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ કક્ષાની તાલીમ પૂરી પાડવામાં આવી છે, જેમાંથી અંદાજે 51 હજારથી વધુ તાલીમાર્થીઓને સફળતાપૂર્વક રોજગારી પ્રાપ્ત થઈ છે. અનુસૂચિત જનજાતિના 18 થી 35 વર્ષના યુવક-યુવતીઓને ગુણવત્તાસભર વ્યવસાયલક્ષી તાલીમ આપી આત્મનિર્ભર બનાવવાના ભગીરથ હેતુથી વર્ષ 2008થી પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ મોડેલ હેઠળ ‘વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર’ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

રાજ્યના છોટાઉદેપુર, વલસાડ, દાહોદ, ભરૂચ અને નવસારી જેવા આદિજાતિ વિસ્તારોમાં 9 જેટલા પ્રમુખ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરો સક્રિય રીતે કાર્યરત છે.

WORLD ANTI MICROBIAL RESISTANCE DAY CELEBRATION

વેરાવળ ખાતે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ એન્ટી માઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહની જિલ્લાકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરુણ રોયે જણાવ્યું હતું કે, એન્ટીબાયોટિક દવાઓનો ઉપયોગ હંમેશાં ડૉક્ટરની સલાહ અને પ્રિસ્ક્રિપ્શન મુજબ જ કરવો જોઈએ.

પોતાની રીતે કે જરૂરિયાત વગર એન્ટીબાયોટિક દવા લેવાથી શરીરને નુકસાન થઈ શકે છે અને દવાઓ સામે જીવાણુઓમાં પ્રતિકાર શક્તિ વિકસે છે.

(બાઈટ : ડૉ. અરુણ રોય, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ગીર સોમનાથ)

VALSAD CYCLING

BYCS INDIA FOUNDATIONનાં સ્થાપક ડિરેક્ટર અને ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના ફિટ ઇન્ડિયા મૂવમેન્ટનાં સાયકલિંગ એડવાઇઝર ડૉ. ભૈરવી જોશીએ તુર્કીમાં યોજાયેલી 31મી કોન્ફરન્સ ઑફ ધ પાર્ટીઝમાં ભારત સરકારના સત્તાવાર ફિટ ઇન્ડિયા પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેમની સહભાગિતાએ વૈશ્વિક સ્તરે ભારતના વધતા જતા સામૂહિક સાયકલિંગ અભિયાન અને ટકાઉ પરિવહન ક્ષેત્રે ભારતના પ્રયાસોને ઉજાગર કર્યા હતા.

TANA RIRI MAHOTSAV

ઐતિહાસિક નગરી વડનગર ખાતે ગુજરાતની અલૌકિક સંગીત બેલડી તાના અને રીરીની સ્મૃતિમાં આવતીકાલથી બે દિવસ માટે ‘તાના-રીરી મહોત્સવ’યોજાશે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી-ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર-મહેસાણાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મહોત્સવ વડનગરના ધાસકોર દરવાજા પાસે આવેલા તાના-રીરી સમાધિ સ્થળ ખાતે યોજાશે.

બંને દિવસ દરમિયાન સાંજે 6.30 કલાકે સંગીત સમારોહનો પ્રારંભ થશે, જેમાં દેશભરના નામાંકિત કલાકારો પોતાની કલાની પ્રસ્તુતિ કરશે.